GJAR030005022024

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૯–૦૩–૨૦૨૪ |
| દાખલ તારીખ | ૧૯–૦૩–૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૦૯–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |
| | ૦૧ ૧૧ ૨૧ |

# ભિલોડાના મે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.ભિલોડા, જી.અરવલ્લી – મોડાસા

**ફોજદારી કેસ નં.૪૦૨/૨૦૨૪**
**આંક–**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. કે.એન.સિસોદીયા** |
| **–:: વિરૂધ્ધ::–** | |
| **આરોપીઓ** | **(૧)દિલીપસિંહ માધુસિંહ ઠાકોર, ઉ.વ.૫૮**<br>**(૨)કીર્તીસિંહ દિલીપસિંહ ઠાકોર, ઉ.વ. ૨૫**<br>**(૩)લક્ષ્મીબેન વા/ઓ દિલીપસિંહ ઠાકોર, ઉ.વ.૪૫**<br>તમામ રહે.શામળપુર, તા.ભિલોડા,જી.અરવલ્લી |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલ શ્રી : બી.યુ.મકવાણા** |

| | |
|---|---|
| **ગુન્હો–** | ઈન્ડીયન પીનલ કોડની કલમ: ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ. |

## //ચુકાદો//

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૫/૪૫ વાગે તે એવી રીતે કે આ કામના ફરીયાદીએ તેમની બાકી રહેલ સર્વે નં. ૫૧/૫કની જમીનની વહેંચણી કરવા માટે જતાં આ કામના આરોપીઓ આ જમીન અમો વાવીએ છીએ અને આ જમીનની વહેંચણી કરવાની નથી તેમ કહિ ફરીયાદીને જેમ ફાવે તેમ નકારી ગાળો બોલી આરોપી નં.૧ના તેના હાથમાં લાકડી લાઈ

તથા આરોપી નં.૨ ના તેના હાથમાં કુબડી લઈ તથા આરોપી નં.૩ નાઓ તેમના હાથમાં ખોડી લઈ મારવા દોડી આવી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે. જીલ્લા મેજી. સાના ચાલુ જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ઈ.પી.કો કલમ ૩૨૩, ૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદી એ આપેલ. ત્યારબાદ આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી, તપાસના અંતે આપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) ત્યારબાદ તમામ આરોપીઓને સમન્સ કાઢતા તેઓ અદાલત સમક્ષ કાજર થતા, તેમને પ્રિ.પો.કો.ની કલમ – ૨૦૭ અન્વાથે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, તેમની વિરુધ્ધના ગુનાઓ સામબ આંક – ૦૮ થી હોમતનામું ફરમાવી આંક – ૦૯ થી ૧૧ સુધી નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ હોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવા માં આવેલ.

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો

| ક્રમ | પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ કેશાભાઈ સુકાભાઈ તરાર | ૧૫ |
| ૨ | પંચનામું | ૧૬ |
| ૩ | ફરીયાદી પ્રતાપસિંહ માધુસિંહ ઠાકોરની જુબાની | ૧૮ |
| ૪ | ફરિયાદ | ૧૯ |
| ૫ | પંચ સાહેદ પુનાભાઈ કોદરભાઈ ખાંટની જુબાની | ૨૧ |
| ૬ | સાહેદ કૈલાસબેન પ્રતાપસિંહની જુબાની | ૨૨ |
| ૭ | સાહેદ ગીતાબેન પરબતસિંહ ચૌહાણની જુબાની | ૨૩ |
| ૮ | સાહેદ નટુભાઈ કીશોરભાઈ મકવાણાની જુબાની | ૨૭ |

| | | |
|---|---|---|
| ૯ | પંચ સાહેદ નાથાભાઈ સુકાભાઈ ખાટની જુબાની | ૩૧ |
| ૧૦ | મુદ્દામાલ હથીયાર રીકવર પંચનામું | ૩૨ |
| ૧૧ | સાહેદ પ્રભુદાસ ધુળાભાઈ પ્રજાપતિની જુબાની | ૩૩ |
| ૧૨ | સાહેદ ભવાનભાઈ કોદરભાઈ પંચોલીની જુબાની | ૩૪ |
| ૧૩ | સાહેદ જોધાભાઈ કોદરભાઈ પંચોલીની જુબાની | ૩૬ |
| ૧૪ | સાહેદ વાલમભાઈ કોદરભાઈ પંચોલીની જુબાની | ૩૮ |
| ૧૫ | સાહેદ કચરાભાઈ રેવાભાઈ તરારની જુબાની | ૪૪ |
| ૧૬ | પંચ સાહેદ રાકેશભાઈ જયંતીભાઈ તરારની જુબાની | ૪૬ |
| ૧૭ | ત.ક.અ. એ.એસ.આઇ દીનેશભાઈ બદાભાઈની જુબાની | ૪૯ |
| ૧૮ | સુચીપત્ર | ૫૦ |

(૪) ત્યાર બાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું કિ.પો. કો.ક. ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું કથન કરેલ. ત્યારબાદ બન્ને પક્ષે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::-- મુદ્દાઓ --::**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૧૧ /૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૫/૪૫ વાગે તે એવી રીતે કે આ કામના ફરીયાદીએ તેમની બાકી રહેલ સર્વે નં. ૫૧/૫૬ની જમીનની વહેંચણી કરવા માટે જતાં આ કામના આરોપીઓ આ જમીન અમો વાવીએ છીએ અને આ જમીનની વહેંચણી કરવાની નથી તેમ કહિ ફરીયાદીને જેમ |

| | |
|---|---|
| | ફાવે તેમ નકારી ગાળો બોલી આરોપી નં.૧ના તેના હાથમાં લાકડી લઈ તથા આરોપી નં.ર ના તેના હાથમાં કુહાડી લઈ તથા આરોપી નં. નાઓ તેમના હાથમાં ખોડી લઈ મારવા દોડી આવી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે.જીલ્લા મેજી.સાના ચાલુ જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબ નું શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| **(૨)** | **શું હુકમ ?** |

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :-

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :-

**-//કારણો//-**

**(૭) મુદ્દા નંબર – ૧ તથા ૨ અંગે :-**

**(૭.૧)** ફરીયાદ પક્ષે પંચ સાહેદ પુનાભાઈ કોદરભાઈ ખાંટ ને અંક-૧૫ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે, તેઓને એક અસલ પંચનામું બતાવવામાં આવે છે. તેમાં પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે ઓળખુ છું. જે આ કામે આંક-૧૬ થી રજુ છે. આ સહી કરવા માટે પોલીસ પ્રતાપસિંહ માધુસિંહના ઘરે શામળપુર ગામે આવેલી અને ત્યાં તેઓને તથા તેઓની સાથે પુનાભાઈ કોદરાભાઈને પણ બોલાવેલા અને ત્યાં સાક્ષી તરીકે સહી કરવા માટે બોલાવેલ અને તે જગ્યાએ દિલીપસિંહ માધુસિહં અને પ્રતાપસિંહ માધુસિંહને ઝઘડો થયેલ હોવાનું જણાવેલ અને પોલીસે ત્યાં પંચનામું કરેલું. આ બનાવવાળી જગ્યા પ્રતાપસિંહે બતાવેલ અને આ જગ્યા ઉપર એક આંબાનું ઝાડ હતું અને ત્યાં બાજુમાં દીલીપસિંહનું ઘર આવેલ હતું અને ત્યાં દિલીપસિંહનો ભેંસોનો તબેલો હતો. પછી પોલીસે તેઓને સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરેલી.

તેઓને બોલાવેલ ત્યારે અઢી થી ત્રણની આસપાસનો સમય થયેલો હતો. અને તે વખતે તેઓની સાથે પુનાભાઈએ પણ સહી કરેલી. વધુમાં, ફરીયાદ પક્ષે **પંચ સાહેદ પુનાભાઈ કોદરભાઈ ખાંટ ને અંક – ૨૧** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જાણાવેલ છે કે, મને આંક – ૧૬ વાળું પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે જે ઓળખું છું. આ સહિ કરવા માટે પ્રતાપસિંહ માધુસિંહના ઘરે તેમને કોઈ ઝઘડો થયેલ હોઈ પંચનામું કરવા માટે પોલીસ આવેલી અને તે વખતે પોણા ૨ જેવો સમય થયેલો હતો અને પોલીસે મને ઝઘડાનું પંચનામું કરવા માટે કહેલું અને તે વખતે મારી સાથે કેશાભાઈ અને પ્રતાપસિંહ માધુસિંહનાઓ ત્યાં હાજર હતા અને આ જગ્યાએ ઘર આગળ ઝાડ હતુ અને છુટાછવાયા પથ્થર પડેલા હતા અને તથાં ઈંટોના ટુકડા પડેલ હતા અને પછી પોલીસે પંચનામું કરી મારી સહિ કરાવેલી. જયારે, બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારેલ છે કે, હું શામળપુર ગામનો છુ, હું શામળપુર ગામનો હોઈ દિશાઓથી પરીચીત છુ, પંચનામું કરવા માટે પોલીસે મને બોલાવેલ, પંચનામામાં શું લખેલુ હતુ અમો અભણ છીએ.

(૭.૨) ત્યાર બાદ **ફરીયાદ પક્ષે પંચ સાહેદ નાથાભાઈ સુકાભાઈ ખાંટ** ને આંક – ૩૧ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, મને એક અસલ પંચનામું બતાવાવમાં આવે છે જે જોઈ કહુ છું કે, તેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે જે ઓળખુ છું જે આંક – ૩૨ થી રજુ રાખવામાં આવેલ છે, આ સહી હું શામળાજી બજાર ગયેલ ત્યારે પોલીસે મને કરાવેલી, આ સહી શા માટે કરાવેલ અને તેમાં શું લખેલ હતું ? તે મેં વાંચેલ નહીં, આ સહી કર્યા સિવાય હું બીજુ કંઈ જાણતો નથી. **આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવું જણાવે છે કે,** એ વાત ખરી છે કે, તૈયાર લખેલ પં ચનામામાં મેં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ હું જાણતો નથી. વધુમાં,

ત્યાર બાદ **ફરીયાદ પક્ષે પંચ સાહેદ રાકેશભાઈ જયંતીભાઈ તરાર ખાંટ ને આંક–૪૬** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, મને પંચનામું બતાવાવમાં આવે છે જે જોઈ કહુ છું કે, તેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે જે ઓળખું છું. આ સહી હું શામળાજી બજાર ગયેલ ત્યારે પોલીસે મને કરાવેલી. આ સહી શા માટે કરાવેલ અને તેમાં શું લખેલ હતું ? તે મેં વાંચેલ નહીં. આ સહી કર્યા સિવાય હું બીજુ કંઈ જાણતો નથી.આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તૈયાર લખેલ પં ચનામામાં ર્ગે સહી કરેલ તે સિવાય બીજુ કંઈ હું જાણતો નથી.

(૭.૩) આ કામમાં ફરીયાદ પક્ષે **ફરીયાદી પ્રતાપસિંહ માધુસિંહ ઠાકોર ને આંક–૧૮** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૧૧/૧૨/૨૦૨૩ ના રોજ સાંજા પોણા ચારેક વાગે બનેલો મારા ઘરે બનેલો. બનાવના દિવસ અમારે જમીન વહેંચવાની હોઈ મારા મામા નટુભાઈ કિશોરભાઈ મકવાણા, રહે.દહેગામડા મારા મોટાબેન ગીતાબેન માધુસિંહ અને મારા ગામના કચરાભાઈ રેવાભાઈ તરાર અને ગામના પ્ર ભુદાસ ધુળાભાઈ પ્રજાપતિ તથા વાલમભાઈ કોદરભાઈ પંચોલી, જોધાભાઈ કોદરભાઈ પંચોલી અને ભવાનભાઈ કોદરભાઈ પંચોલી તથા મારા પત્નિ કૈલાશબેન પ્રતાપસિંહ ઠાકોર વિગેરે હાજર હતા અને પછી અમોએ અમારા ભાઈઓ ભાગની જમીન સહિયારી હોઈ જે વહેંચવા માટેની વાતચીત કરતા હતા **ત્યારે મારો ભાઈ દિલીપસિંહ માધુસિંહ ઠાકોર, ભત્રીજો કિર્તીભાઈ દિલીપસિંહ કાકરો અને ભાઈના પત્નિ લક્ષ્મીબેન આવીને કહેવા લાગ્યા કે, તમારી જમીન પહેલાં વહેંચો પછી આ જમીન વહેંચાશે અને આથી દિલીપભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને દિલીપભાઈ લાકડી લઈ અને ભત્રીજો કિતી કુહાડી અને લક્ષ્મીબેન ખોડી લઈને આવેલા અને ગાળો બોલતા હતા જેથી મેં તેમને ગાળો ન બોલવા જણાવતા તેઓ મને મા–બને સામી નકારી ગાળો**

**બોલી અને કહેતા હતા કે હવે પછી જમીનમાં ભાગ લેવા આવીશ તો તને મારી નાં ખવાનો છે.** અમારી જમીનની તા.૬/૬/૨૦૦૫ નારોજ ગામ ભાઈ ઓ અને મા–બાપ, બહેન–બનેવી નાઓની હાજરીમાં વહેંચણી થઈ ગયેલ છે. **આ લોકો મારી નાંખવાની વાત કરતા હોઈ અમારા ગામના લકો અને મારી પત્નિ અને મારા મામા અને વિ. જે હાજર હતા તે વચ્ચે પડેલા અને મને બચાવેલ અને પછી તેમના ઘરે જતાં જતાં કહેતા હતા. કે, હવે પાછી જમીન વહેંચવાની વાત કરશી તો તને મારી નાંખવાનો છે. જેથી મેં શામળાજી પો.સ્ટે મારા બચાવ માટે મેં તા.૧૪/૧૨/૨૦૨૩ નારોજ ફરીયાદ કરેલી, અમારે બનાવ બનવા બાદ સમાધાન માટે રાહ જોયેલી પરંતુ આ લોકો માથાભારે હોઈ મેં ૧૪ તારીખે ફરીયાદ કરેલી,જે ફરીયાદમાં મારી સહી છે જે અસલ કરીયાદ આંક–૧૯ થી ૨૪ રાખવામાં આવેલ છે.** ફરીયાદ કર્યા બાદ અમો હરીદવાર કરેલા અને મને રાત્રે ૧૨ વાગે ફરીયાદ કરી મને ધમકી આપેલ કે, તે ફરીયાદ કેમ કરેલ છે તને મારી નાંખવાનો છે તારા ઘરના કાચ તોડી નાંખવાના છે અને તારી ઘરવાળીના હાથ તોડી નાંખુ અને તારા છોકરાને મારી નાંખુ તેમ કહેતા હતા અને તારીખ ૧૫ ના રોજ અમો જ્યારે ખેતરમાં ગયેલા ત્યારે પણ આરોપીઓ મારી નાંખવાની ધમકી આપેલી. **આરોપી દારૂ પીવાવાળા છે. આરોપી મારા સાગ થતા હોઈ તેમને જોયે ઓળખુ છુ.**

જયારે, બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમો હાઈસ્કુલમાં નોકરી કરતા હતા, અમો જ્યારે શિક્ષક તરીકે નોકરી કરતા હતા ત્યારે મારા બીજા બે ભાઈઓ ખેતી કરતા હતા, તા.૬/૬/૨૦૦૫ નારોજ ભાઈઓ ભાગની જમીનની વહેંચણી થઈ ગયેલ. સાહેદ જણાવે છે કે, એક ખેતર બાકી હતુ, મારા ભાઈએ એવું કહેલ કે તમારી પાસે જે જમીન છે તે વધારે છે તેથી આ વહેંચણીમાં બાકી રહેલ ખેતર અને બાકી બધી જમીનની ફરી વહેંચણી કરી આપો, સાહેદ જણાવે છે કે, ત્યારે મેં કહેલ કે તા.૬/૬/૨૦૦૫ નારોજ વહેંચણી થઈ ગયેલ છે, મારા પિતાજી ભાગમાં ટ્રક લાવેલા હતા, આ ટ્રક મારા પિતાએ અને તેમના

ભાગીદારે વહેંચી દીધેલો અને તેની મારા પિતાના ભાગના પૈસા તેમને તેમની પાસે રાખેલા, જમીનની બાબતે અને ટ્રકના પૈસા બાબતે અમારે બોલાચાલી થયા કરે છે, આ જમીન બાબતે અને પૈસાની લેતી દેતી બાબતે ચોખવટ થઈ જાય તો ફરીયાદનું કોઈ કારણ રહેતુ નથી, હાલમાં હું મારા ઘરે જ રહુ છુ અનુ ખેતરમાં જાવ છુ અને ગામમાં તથા ભિલોડામાં આવન–જાવન કરી શકુ છુ, સાહેદ જણાવે છે કે, ખેતરમાં આવી ગાળો બોલે છે અને મારી નાંખવાની ધમકી આપે છે. સાહેદ જણાવે છે કે, એક વર્ષ પહેલાં ફરીયાદ આપેલી, કૈલાસબેન મારા પત્નિ થાય છે અને ગુલાબસિંહ પરબતસિંહ મારા બનેવી થાય છે અને નટુભાઈ કિશોરભાઈ મારા મામા થાય છે અને પ્રભુદાસ ધુળાભાઈ, ભવાનભાઈ કોદરભાઈ પંચોલી, વાલમભાઈ કોદરભાઈ પંચોલી, જોધાભાઈ કોદરભાઈ પંચોલી મારા ગામના છે અને તેમની સાથે સારા સંબંધો છે, કરચાધભાઈ વાલમભાઈ મારા ગામ ભાઈ છે.

(૭.૪) ત્યાર બાદ ફરીયાદ પક્ષે **સાહેદ કૈલાસબેન પ્રતાપસિંહ ને આંક–૨૨** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૧૧/૧ ૨/૨૦૨૩ નારોજ સાંજા પોણા ચારેક વાગે બનેલો શામળપુર ગામે મારા ઘરે બનેલો. બનાવના દિવસે હું અને મારા ઘરવાળા અમારા ઘરે હતા અને તે વખતે મારી નંદણ ગીતાબેન અભયસિંહ ચૌહાણ અને અમારા મામાજી નટુભાઈ કિશોરભાઈ મકવાણાનાઓને જમીન વહેંચણી કરવા માટે બોલાવેલા અને ગામના ચાર–પાંચ માણસોને બોલાવેલ હતા અને તે વખતે દિલીપસિંહ માધુસિંહ ઠાકોરનાઓએ અમારી જમીન તા.૬/૬/૨૦૦૫ના રોજ વહેંચણી કરેલી તેની ફરી વહે ચણી કરવા માંગણી કરેલી. **જેથી મારા પતિએ બાકી રહેલી જમીન વહેંચવાનું કહેતા દિલીપસિંહ માધુસિંહએ ઝઘડો કરેલો અને તે વખતે મારા ચિર તથા તેમનો દિકરો કિર્તિસિંહ અને મારી દેરાણી લક્ષ્મીબેન દિલીપસિંહ ઠાકોરનાઓએ ગાળો બોલતા હતા અને દિલીપર્સિ હનાઓએ લાકડી લીધેલી અને મારી દેરાણી**

**લક્ષ્મીબેને ખોડી હાથમાં લીધેલી અને કિર્તિસિ હે હાથમાં કુહાડી બથમાં લીધેલી અને મારવા આવેલા** જેથી મારા મામા અને નંદણ ગીતાબેન વચ્ચે પડેલા અને ત્યારબાદ અમે પોલીસ કેસ કરેલો અને મારા દિયર રોજ જાનથી મારી નાં ખવાની ધમકીઓ આપે છે.ત્યારબાદ પોલીસે મારો જવાબ લીધેલો. આરોપીઓને જોચે ઓળખુ છું જેમાંથી આજરોજ નામ કોર્ટમાં દિલીપસિંહ અને લક્ષ્મીબેન હાજર છે તે જ છે. નામ.કોર્ટમાં કિર્તિસિંહ હાજર નથી.

જયારે, બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, આ કામના ફરીયાદી મારા પતિ થાય છે, મારા પતિ અને મારકા દિયર વચ્ચે ઘણા સમયથી જમીન બાબતે તકરાશે ચાલુ છે, મારા સાસુ–સસરાની જીવારત માટે જમીનનો એક ટુકડો રાખેલો મારા સાસુ નાના દિયર નરેશસિંહ માધુસિંહ ઠાકોરના છોકરા સાથે રહે છે, મારા પતિ શીક્ષક તરીકે નોકરી કરતા હતા, અગાઉ જે જમીનની વહેંચણી કરેલી તે વહેંચણી ફરીથી કરવા માટે મારા દિયરે અમારા મામા તથા નંદણ અને ગામના લોકોને બોલાવેલ, જે જમીનની વહેંચણી થયેલી ન હતી તે પડતર પડેલી હતી, મારા પતિએ આ પડતર જમીન ખેડીને વાવી દીધેલી, હાલમાં અમો અમારા ઘરે જ રહીએ છીએ.

(૭.૫) ત્યાર, બાદ ફરીયાદ પક્ષે, **સાહેદ ગીતાબેન પરબતસિંહ ચૌહણ ને આંક–૨૩** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પ્રતાપસિંહ મારા ભાઈ થાય છે. બનાવ ૧૧/૧૨/૨૦૨૩ નારોજ સાંજા ચાર થી પોણા ચારે ની વચ્ચે શામળપુર ગામે મારા ભાઈના ઘરે બનેલો. બનાવના દિવસે હું તથા મારા મામા નટુભાઈ કિશોરભાઈ મકવાણા અને ગામના વાલમાભાઈ, કચરાભાઈ તથા જોધાભાઈ નાઓ હતા. તે વખતે હું મારા ભાઈઓના એક ખેતરની વહેંચણી કરવાની હોઈ આ ખેતરની વહેંચણીની વાત કરવા મારા નાનાભાઈ દિલીપસિંહના ઘરે ગયેલા. **ત્યારે દીલીપભાઈએ કહેલુ કે, આગળની જમીન પહેલા વહેંચો અને પછી આ જમીન વહેંચવાની છે. અને પછી દિલીપભાઈ, તેમની પત્નિ**

**લક્ષ્મીબેન અને તેમનો દિકરો કિર્તિભાઈ બધા ઉશ્કેરાઈ ગયેલા અને આ બધા મારા ભાઈ પ્ર તાપભાઈને મારવા આવી ગયેલા.** પછી અમે આ બધુ શાંત પાડી દીધેલુ અને પછી અમે અમારા ઘરે જતા રહેલા. આ બાબતે સમાધાન માટેના પ્રયત્નો કરેલો અને સમાધાન ન થતા મારા ભાઈ પ્રતાપભાઈએ કેસ કરેલો. પોલીસે મારો જવાબ લીધેલો. આરોપીઓને જોયે ઓળખુ છુ.

જયારે, બચાવ પક્ષે, કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ સ્વીકારેલ છે કે, આરોપી દિલીપસિંહ તથા ફરીયાદી બંને મારા ભાઈઓ છે, હું શિક્ષક તરીકે નોકરી કરતી હતી, મારા ભાઈ પ્રતાપભાઈ પણ શીક્ષક તરીકે નોકરી કરતા હતા, જે–તે વખતે ઉરેક (મોઢે–મોઢ) વહેંચણી કરી આપેલી, સર્વે નં.૫૧/૫૬ વાળી જમીનની વહેંચણી કરવા સારૂ અમો તથા ગામ આગેવાનો અને મારા મામા નાઓને વહેંચણી કરવા માટે મારી મમ્મી અને મારા ભાઈ દિલીપસિંહ નાઓએ બોલાવેલા, આ વખતે માય ભાઈ દિલીપસિંહ એવું કહેલું કે, ગાડી વહેંચી દીધી છે તેના પૈસા અને ઝાડ વેચી દીધા છે તે પૈસા તેમજ અગાઉ વહેંચેલી જમીનની ફરી વહેંચણી કરો, આ વાત મેં મારા ભાઈ પ્રતાપસિંહ આગળ મુકતા તેઓ ઉશ્કેરાઈ ગયેલ, પ્રતાપસિંહએ એવુ કહેલું કે અગાઉ જમીન વહેંચાયેલી છે તે ફરી નહિ વહેંચાય આ બાકી છે તે જ જમીન વહેંચવાની છે, સામાન્ય બોલાચાલી થયેલી અને પછી બધા વેરાઈ ગયેલા, પોલીસ આવેલી અને મારું નામ–સરનામું અને શું ધંધો કરો છે એટલુ જ પુછેલુ, મારા ભાઈ પ્રતાપસિંહ અને તેમના પત્નિ હાલમાં તેમના ઘરે જ રહે છે અને આવન–જાવન કરે છે.

(૭.૬) ત્યાર બાદ ફરીયાદ પક્ષે **સાહેદ નટુભાઈ કીશોરભાઈ મકવાણા ને આંક–૨૭** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પ્રતાપસિંહ માધુસિંહ ઠાકોર મારા ભાણેજ થાય છે. આ બનાવ તા.૧૧/૧૨/૨૩ નારોજ બપોરના પોણા ચારેક વાગયાની આસપાસ તેમના ઘરે બનેલો. બનાવના દિવસે હું તથા મારા ભાણેજ

ગીતાબેન, પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જોધાભાઈ, વાલમભાઈ, કચરાભાઈ વિગેરે બધા જમીનની વહેંચણી કરવા માટે ગયેલા. તે વખતે અમારો ભાણેજ દિલીપભાઈ જમીન વહેંચણી કરવાની ના પાડતો હતો અને કહેતો હતો કે અગાઉ જે જમીન વહેંચેલ છે તે ફરીથી વહેંચો. **તેથી મેં કહેલ કે આ જમીન ૧૯–૨૦ વર્ષ પહેલાં વહેંચલ હતી અને તે વખતે તમે કોઈ વાંધો લીધેલ નહિ અને આજે તો બેન–બનેવીના ભાગમાં આવેલી સહિયારી જમીનની વહેંચણી કરવાની છે. પરંતુ તે ના પાડતો હતો અને પછી દિલીપભાઈ હાથમાં લાકડી લઈ અને તેમનો દિકરા કિર્તિભાઈના હાથમાં કુલડી હતી અને તેમની પત્નિ લક્ષ્મીબેનના હાથમાં ખોડી હતી તે લઈને આવી ગયેલા જેથી અમે બધા વચ્ચે પડી ગયેલા અને પછી અમે પ્રતાપ ભાઈને બચાવેલા અને તેમને ઝઘડો કરતાં અટકાવેલા. પછી આ બંનેને છુટા પાડેલા અને તેઓ પોત–પોતાના ઘરે જતાં રોકો.** ત્યાર બાદ અમે પણ અમારા ઘરે જતાં રહેલા, આ સિવાય બીજું કંઈ બનેલું નહિ.આરોપી મારા સં બંધી થતાં હોઈ હું તેમને ઓળનુ છુ. આ બાબતે પ્રતાપભાઈએ ફરીયદા કરેલી અને દિલીપભાઈ માનતા મેં પ્રતાપ ભાઈને કહેલ કે તમો ફરીયાદ કરી દો. પોલીસે બનાવ બાબતે મારો જવાબ લીધેલો. આરોપીઓને જોયે ઓળખું છું.

જયારે, બચાવ પક્ષે, કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, પ્રતાપસિંહ અને દિલીપસિંહ બંને મારા ભાણા થાય છે, આ જમીન વહે ચણી કરવા માટે મારા બહેને બોલાવેલા છે, આ જમીન બાબતે અસંતોષ હોઈ મારી બહેને મને બોલાવેલ, હું જમીન ઉપર ગયેલો ત્યારે ગામના માણસો હાજર હતા, હું જમીન ઉપર ગયેલો ત્યારે બીજા પાંચ થી છ માણસો હાજર હતા, આ પાંચ થી છ માણસો ગામના જ હતા, આ ગામના માણસો સિવાય અમારી ભાણી ગીતાબેન હતા, ત્યાર બાદ અમો પ્રતાપસિંહના ઘરે આવેલા અને ગામના લોકોએ મીટીંગ કરેલી અને તેમને કહેલું કે વહેંચ્યા વગરની જમીન છે તે પહેલાં વહેંચો, તેથી મારા ભાણેજ દિલીપસિંહ નાએ કહેલ કે,

અગાઉ જે જમીનની વહેંચણી થયેલી છે તેમાં મારા ભાઈ પ્રતાપસિંહના ભાગમાં આવેલી જમીન વધુ છે તેથી તેની વહેંચણી કરી, મારા ભાણેજ પતપસિંહ હાલમાં તેમના ઘરે જ રહે છે અને ખેતરમાં આવન–જાવન કરી શકે છે અને ગામમાં હરીફરી શકે છે, પોલીસે મને બોલાવેલ અને મારું નામ–સરનામું પુછેલુ, કુહાડી, લાકડી અને ખોડી તેમજ અન્ય ઓજારો દરેક ખેડુતના ઘેર હોય છે, પ્રતાપસિંહ સાથે અમારે અને ગીતાબેનને –સારા સંબંધો છે, બન્ને ભાણેજ સાથે સારા સંબંધો છે.

(૭.૭) ત્યાર બાદ ફરીયાદ પક્ષે **સાહેદ પ્રભુદાસ ધુળાભાઈ પ્રજાપતિ ખાંટ ને આંક–૩૩** તથા **સાહેદ ભવાનભાઈ કોદરભાઈ પંચોલી ખાંટ ને આંક–૩૪** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, હું પ્રતાપસિંહ માધુસિંહ ઠાકોરને ઓળખું છું અમે બંને જોડે ભણતા હતા અને અમારા ગામના છે. તેઓને **તા.૧૧/૧૨/૨૦૨૩ નારોજ સાંજના પોણા ચારેક વાગ્યે બનાવ બનેલો. બનાવ સમયે હું તથા ભવાનભાઈ કોદરભાઈ, કચરાભાઈ રેવાભાઈ, જયંતિભાઈ કોદરભાઈ વિગેરે અમો સાત–આઠ જણા ત્યાં હાજર હતા. અમને પ્રતાપસિંહે જમીનની વહેંચણી અગાઉ થઈ ગયેલ હતી પરંતુ તેમના ભાઈ દિલીપસિંહ જમીન ફરીથી વહેંચવાનું કહે છે જેથી અમને ત્યાં બોલાવેલા અને અમે બધા જમીનની વહેંચણી બાબતે વાતચિત કરતા હતા ત્યારે દિલીપસિંહ, કિર્તિસિંહ અને દિલીપસિંહના પત્ની લક્ષ્મીબેન બોલાચાલી કરવા લાગેલા અને પછી અમો ત્યાંથી જતા રહેલા.** આ સિવાય બીજુ કંઈ બનેલ કે કેમ? તેની મને કંઈ ખબર નથી. પોલીસે બનાવ બાબતે મારી કોઈ પુછપરછ કરેલ નહીં.

આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવું જણાવે છે કે, પ્રતાપસિંહ સાથે મારે સારા સબંધ છે, પ્રતાપસિંહના કહેવાથી હું ત્યાં ગયેલો, તે વખતે હું ગયો ત્યારે સામાન્ય બોલાચાલી થયેલ પછી શું બનેલ તેની મને ખબર નથી.

(૭.૮) ત્યાર બાદ ફરીયાદ પક્ષે **સાહેદ જોધાભાઈ કોદરભાઈ પંચોલી ખાંટ ને આંક–૩૬** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પ્રતાપભાઈ મારા પાડોશી થતા હોય હું તેમને ઓળખું છું. તેમને તા. ૧૧/૧૨/૨૩ના રોજ સાંજના ચાર વાગ્યાની આસપાસ તેમના ઘરે બનાવ બનેલો, બનાવના દિવસે હું તથા નટુભાઈ, ગીતાબેન, ભવાનભાઈ, વાલમભાઈ, કેશાભાઈ, કચરાભાઈ બધા પ્રતાપભાઈએ તેમની જમીનની વહેંચણી માટે બોલાવેલા હતા અને ત્યાં જમીનની વહેંચણી બાબતે વાતચીત કરતા હતા તે વખતે દિલીપભાઈ તેમના ઘરમાં હતા અને પછી દિલી પભાઈ ઘરમાંથી આવીને બોલાચાલી કરેલી અને કહેતા હતા કે, આ જમીન વહેંચવાની નથી પરંતુ અગાઉ જે જમીન વહેંચેલી છે તેની વહેંચણી કરવાની છે અને પછી આ બોલાચાલી કરતાં અમે ત્યાંથી જતા રહેલા. આ સિવાય અમે બીજુ કંઈ જાણેલ નહી કે, જોયેલ નહીં. પોલીસે મારી કોઈ જવાબ લીધેલ નથી કે, કોઈ પુછપરછ કરેલ નથી.

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, આ કામના ફરીયાદીઅ ને આરોપી બંને ભાઈઓ છે, આ બંને ભાઈઓને ઘણા સમયથી જમીનની તકરારો ચાલે છે, પ્રતાપસિંહે જમીન વહેંચણી કરવા માટે અમને બોલાવેલ, આ વહેંચણી થઈ શકે તેમ ન હોય તેવું કહીને બધા જતા રહેલા, આ સિવાય બીજુ કંઈ બનેલ નહીં.

(૭.૯) ત્યાર બાદ ફરીયાદ પક્ષે **સાહેદ વાલમભાઈ કોદરભાઈ પંચોલી ને આંક–૩૮** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પ્રતાપભાઈ માધુસિંહ ઠાકોર મારા પાડોશી થતા હોય હું તેમને ઓળખુ છું. તેમને **તા. ૧૧/૧૨/૨૩ના રોજ બપોરના આશરે ત્રણેક વાગ્યાની આસપાસ તેમના ઘરે બનાવ બનેલો. બનાવના દિવસે હું તથા નટુભાઈ, ગીતાબેન, ભવાનભાઈ અને પ્રભુદાસભાઈ બધા તેમની**

**જમીનની વહેંચણી માટે બોલાવેલા હતા અને અમે ત્યાં બેઠા હતા ત્યારે પ્રતાપભાઈને દિલીપભાઈ સાથે બોલાચાલી થતાં અમે ઘરે જતા રહેલા અને પછી ત્યાં શું થયું? તેની મને કંઈ ખબર નથી. આ સિવાય અમે બીજુ કંઈ જાણેલ નહીં કે, જોયેલ નહીં. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નથી કે, કોઈ પુછપરછ કરેલ નથી.**

આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. જ્યારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાતની મને ખબર નથી કે, પ્રતાપભાઈ અને દિલીપભાઈ વચ્ચે ઘણા સમયથી જમીનની વહેંચણી બાબતે તકરાર ચાલ છે કે કેમ? એ વાતની મને ખબર નથી કે, જે જમીન વહેંચવા ગયેલ તે સિવાયની બીજી જમીન આવેલ છે તે પહેલા વહેંચણી કરો તેમ કહેતા અમે તથા બીજા માણસો ત્યાંથી જતા રહેલા કે કેમ? એ વાત ખરી છે કે, બનાવ શી રીતે બનેલ તેની મને કોઈ માહિતી નથી. એ વાત ખરી છે કે, હું જતો રહ્યો ત્યારે મારી સાથે આવેલ બીજા માણસો પણ જતા રહેલા.

**(૭.૧૦)** ત્યાર બાદ ફરીયાદ પક્ષે સાહેદ કચરાભાઈ રેવાભાઈ તરાર ખાંટ ને આંક–૪૪ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, પ્રતાપભાઈ માધુસિંહ ઠાકોર મારા પાડોશી થતા હોય હું તેમને ઓળખું છું તેમને **બે એક વર્ષ પહેલા સાંજના સાડા ચાર વાગ્યે તેમના ઘરે બનાવ બનેલો. બનાવના દિવસે મને પ્રતાપભાઈ મામા નટુભાઈ મને ગામની રીતે બોલાવવા માટે આવેલા જેથી હું તથા મારી સાથે ગામના આગેવાનો જેમાં કોદરભાઈ અને બીજા ત્રણ ચાર માણસો ભેગા થઈ પ્રતાપભાઈના ઘરે ગયેલા અને ત્યાં શા માટે બોલાવેલ ? તેની મને ખબર નથી. અને પછી ત્યાં પ્રતાપભાઈ ને દિલીપભાઈ અને તેમનો છોકરો અને દિલીપભાઈની પત્ની આ બધા સામસામે બોલાચાલી કરવા લાગેલા જેથી અમે ત્યાંથી જતા રહેલા પછી ત્યાં શું બનેલ તેની મને ખબર નથી. આ ઝઘડો**

**જમીન બાબતેનો હતો. આ સિવાય બીજુ કંઈ બનેલ નહીં કે, અમે કંઈ જોયેલ નહીં. આ બાબતે કોઈ ફરીયાદ થયેલ કે કેમ? કે, પોલીસે મને જવાબ માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી કે, હું બીજુ કંઈ જાણતો નથી.**

**(૭.૧૧)** ત્યારબાદ ફરીયાદપછે ત.ક.અ. દીનેશભાઈ બદાભાઈ, એ.એસ.આઈને આંક–૪૯ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ માં અમો શામળાજી પો.સ્ટેમાં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે તા,૧૪/૧ ા૨/૨૩ ના રોજ પી.એસ.ઓ શ્રી અનીલભાઈ બદાભાઈ (હે.કો) નાઓ રૂબરૂ ફરીયાદી પ્રતાપસિંહ માધુસિહનાઓએ ફરીયાદ હકિકત લખાવેલી કે, તેમની સહીયારી જમીન ની વહેંચણી કર્યા બાદ બાકી રહેલ સર્વ.નં.૫૧/૫૬ વાળી જમીન વહેચણી કરવા માટે તેમના ભાઈ દીલીપસિંહ માધુસિંહ ઠાકોર તથા તેમની પત્ની લક્ષ્મીબેન દૌલીપસિંહ ઠાકોર તેમનો પુત્ર કિર્તીભાઈ દીલીપસિંહ ઠાકોર વિગેરે નાઓ સાથે ગામના આગેવાનો ભેગા થયેલા તે વખતે દીલીપસિંહ માધુસિંહ ઠાકોર તથા તેમની પત્ની લક્ષ્મીબેન દીલીપસિંહ ઠાકોર તેમનો પુત્ર કિર્તીભાઈ દીલીપસિંહઠાકોરનાઓએ ફરીયાદીને જેમ ફાવે તેમગાળો બોલી, ઉશ્કેરાઈ જઈ દીલીપસિંહ એ હાથમાં લાકડી, કિર્તીભાઈએ હાથમાં કુહાડી અને લક્ષ્મીબેન હાથમાં ખોડી લઈ મારવા દોડી આવેલ અને જમીનની વહેંચણી કરવાની વાત કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી અવાર–નવાર જમીન વહેંચણી કરવા બાબતે ફરીયાદી જોડેથી ઝગડો કરતા હોય તે મુજબની વિગતવારની ફરીયાદ હકિક્ત આપતાં જે આધારે શામળાજી. પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં.૪૯૩/૨૩ થી ઈ.પી.કો. કલમ. ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ, ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમ સાથે અમોને સૌવતાં તપાસ અમોએ સંભાળેલી મને અસલ ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે તેમાં પી.એસ.ઓ. અનીલભાઈ બદાભાઈ ની સહી છે જે હું ઓળખુ છુ જે આંક–

૫૦ થી રજુ રાખેલ છે. ત્યારબાદ ફરીયાદીની ફરીયાદ હકિકત ધ્યાને લઈ બનાવવાળી જગ્યા શામળપુર ગામે પ્રતાપસિંહ માધુસિંહ ના ઘર પાસે બનેલ હોવાની હક્તિ ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ હોય જે જગ્યાનું પંચનામું કરવાનું હોય બે પંચોના માણસો બોલાવી બનાવવાળી જગ્યા ફરીયાદી બતાવતા હોય જે જગ્યાનું વિગતવારનું વર્ણન પંચોની હાજરીમાં તેમના બતાવ્યા મુજબ પંચનામું તૈયાર કરી તેમાં બંન્ને પંચોની તથા મારી રૂબરૂમાં સહી કરેલી પંચનામું બતાવવામાં આવે છે જેમાં મારી તથા પંચોની સહી છે. ત્યરબાદ સાહેદોના નિવેદને તેમનાદું લખાવ્યા મુજબ મારી રૂબરૂમાં લખી લીધેલ્સ તેમજ આ બનાવનું કરીયાદીએ ફરીયાદમાં ઈજા થયેલ હોવાની હકિક્તજણાવેલી હોય તે બાબતે કોઈ સારવાર મેળવી હોય તો તે અંગેની પુછપરછ કરતાં તેઓએ જણાવેલ કે, મને સામાન્ય ઈજા થયેલ હોય મે ઘરઘથ્થુ સારવાર કરાવેલી અને મે કોઈ દવાખાનામાં સારવાર લીધેલી નથી એવી હકિકત જણાવેલી ત્યારબાદ સાહેઘેના નિવેદનથી ફરીયાદીની ફરીયાદ હક્તિને સમર્થન મળતુ હોય આરોપીઓને ગુન્હાના કામે નોટીસ આપતા તેઓ તા. ૧૯/૧૨/૨૩ ના રોજ શામળાજી પો.સ્ટે આવી હાજર થયેલ અને ત્રણેય આરોપીઓએ ગુન્હાના કામે ઉપયોગમાં લીધેલ હથિયારો સ્વ–ખુશીથી રજું કરતા હોય જે કબ્જે કરવાનો હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં દીલીપસિંહ ઠાકોરનાઓ પાસેથી લાકડી તથા કિર્તીસિહ ઠાકોરનાઓ પાસેથી કુહાડી તથા લક્ષ્મીબેનનાઓ પાસેથી ખાંડી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબ્જે કરેલ મને પંચનામુ બતાવવામાં આવે છે જેમાં મારી તથા પંચોની સહી છે. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ તેમજ ત્રણેય આરોપીઓને જોયેથી ઓળખુ છુ. જે અંગે બચાવપક્ષે તકરાર નથી.

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આરોપી તથા ફરીયાદી બંન્ને ભાઈઓ છે. એ વાત ખરી છે કે, બંન્ને ભાઈઓ વચ્ચે જમીન વહેંચણી બાબતે તકરારો ચાલે છે. એ વાત

ખરી છે કે, સર્વે.નં. ૫૧/૫૬ વાળી જમીન તમેજ સહીયારી જમીન પણ વહેચણી કરવાની બાકી હોય તેવુ મારી તપાસમાં આવેલ. એ વાત ખરી નથી કે, સદર કામે આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો મે ફરીયાદના આધારે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામાં પાછળથી પોલીસ સ્ટેશને બોલાવી પંચોની સહીઓ કરાવેલી, એ વાત ખરી નથી કે,રેવન્યુ તકારા હોય દિવાની પ્રકારની ફરીયાદને ખોટી રીતે ફોજદારી ફરીયાદમાં દાખલ કરાવી ફરીયાદીએ આરોપીને દબાણમાં લાવી જમીનની તકરાર નો નિકાલ કરવા પ્રયત્ન કરેલ છે. એ વાત ખરી છે કે, આ કામના ઈજા પામનાર કોઈ દવા સારવાર કરાવેલ નથી અને કોઈ એમ.એલ.સી કેસ દાખલ થયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી સામે ઈ.પી.કો. કલમ. ૩૨૩ નો ગુનો કરેલ ન હોય છતાં ચાર્જશીટમાં ખોટી કલમનો ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૮) ઉપરોક્ત સમગ્ર પુરાવાને લક્ષે લેતા, ફરિયાદ પક્ષે રજુ સાહેદી પુરાવામાં ફરીયાદી સાહેદોને ધમકાવવા અને ઈજા કરવાના ઈરાદે આરોપીઓ કેહવાતા હથીયાર લઈ આવી અને ધમકાવી જાનથી મારી નાખવા ની ઘમકી આપેલ હોઈ તેવું સ્પસ્ટ પણે પુરવાર થતું નથી, કારણ કે કેહવાતા હથીયાર કોર્ટ રૂબરૂ સાહેદોએ ઓળખી બતાવેલ નથી. વધુમાં, બનાવ પહેલા અને બનાવ બાદ ફરીયાદી સાહેદો સાથે આરોપીઓ દ્વારા કોઈ ફરીથી ઝઘડો કરેલ હોઈ કે શરીરી સબંધી કોઈ ઈજા કરલે હોઈ તેવો કોઈ પુરાવા ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરવાર કરેલ નથી વધુમાં ફરીયાદી સાહેદોને કોઈ ઈજા કહેવાતા બનાવ માં આરોપીઓ દ્વારા કરવામાં આવેલ હોઈ તેવો પણ કોઈ પુરાવા ફરિયાદ પક્ષે સારવાર સર્ટીફીકેટ કે કોઈ તબીબી સાહેદ ને તપાસેલ નથી વધુમાં, ફરીયાદી સાહેદોને શું ગાળો અપ શબ્દો ઉચારેલ તે અંગે પણ કોઈ સ્પસ્ટ હકીકત ફરીયાદી સાહેદો એ જણાવેલ નથી. આ તબ્બકે, વધુમાં, **Gauhati High Court as reported in** 2008 (2) **GLR** 672 wherein

Nameirakpam Inaotomba Singh vs Union of India it was held in the light of Section – 3 of the evidence Act, applicability – reasonable doubt is to be based on reason and common sense and must grow out of evidence in the case – Dictum "it is better to let hundred guilty escape than punish an innocent." વધુમાં, આ કામના આરોપી વિરૂદ્ધ ઇ.પી.કોડની કલમ – ૫૦૪ મુજબના ગુનાનો આરોપ છે. પંરતુ આ કામે ફરિયાદપક્ષના ફરિયાદી તેમજ સાહેદોના પુરાવામાં આ કામના કયા આરોપી દ્વારા શું અપમાનજનક શબ્દો ઉચ્ચારેલા તે હકીકત સ્પષ્ટપણે પોતાના પુરાવામાં જણાવેલ નથી. આ હકીકતના સંદર્ભમાં જોઇએ તો, **2011(3) GLR 2557** કેસમાં એવુ પ્રસ્થાપીત કરવામાં આવેલુ છે કે આરોપી દ્વારા જે શબ્દોનુ ઉચ્ચારણ કરવામાં આવેલુ હોય તે શબ્દો ફરિયાદીએ પોતાની ફરિયાદમાં લખાવેલ હોવા જોઇએ. એટલે કે, તે અપશબ્દો ફરિયાદીએ પોતાની ફરિયાદમાં સ્પષ્ટપણે જણાવેલા હોવા જોઇએ. જો તેવું ન હોય તો,આરોપી વિરૂદ્ધઇ.પી.કોડની કલમ – ૫૦૪ મુજબનો ગુન્હો પુરાવાર થઇ શકે નહી. તેવી જ રીતે ઇ.પી.કોડની કલમ – ૫૦૪ ના ગુનાની હકીકતો આ સંદર્ભમાં વિચારીએ તો ફરિયાદપક્ષે માત્ર ગાળો બોલી તેવી હકીકતો જણાવવા માત્રથી તે ગુનો પુરવાર થઇ ગયેલો ગણાય નહી. પરંતુ ચોક્કસપણે આરોપી દ્વારા કયા શબ્દોનુ ઉચ્ચારણ ગુન્હા વખતે કરવામાં આવેલુ તે ફરિયાદપક્ષે પોતાના પુરાવામાં જણાવવુ પડે. આમ, હાલના કિસ્સામાં ફરિયાદપક્ષ દ્વારા આરોપીએ ચોક્કસપણે કયા શબ્દો કહેલા તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષના પુરાવામાં રેકર્ડ પર આવતી નથી. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા આરોપી સામેના ઇ.પી.કોડની કલમ – ૫૦૪ મુજબના ગુનાની હકીકતો પ્રોસીકયુશન નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવી જ રીતે, **૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે) ૪ મુન્સફખાન ચાસીનખાન પઠાણ અને બીજાઓ વિરૂદ્ધ ગુજરાત રાજયના** કેસમાં એવુ પ્રતિપાદીત

કરવામાં આવેલુ છે કે ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થવા માટે જરૂરી તત્વ તરીકે ફરિયાદીને જેણે આવી ધમકી આપી હોય તેના તરફથી સતત ભયની ઘંટડી વાગતી રહેવી જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો માત્ર ધમકી આપ્યાની હકીકત જણાવી દેવા માત્રથી ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબનો ગુન્હો પુરવાર થઇ જતો નથી પરંતુ જેને આવી ધમકી આપવામાં આવેલી છે તે વ્યકિત સતત ભયના ઓથાર હેઠળ જીવી રહી છે તેવુ પુરવાર કરવુ પડે. માત્ર કોઇ શબ્દોના ઉચ્ચારણ થી ફરિયાદીને આવો ભય ઉત્પન્ન થઇ ગયેલો ગણાય નહી. હાલના કેસમાં જોઇએ તો, ફરિયાદપક્ષે પોતાના સમગ્ર પુરાવામાં તેણી સતત ભયના ઓથાર હેઠળ જીવી રહી હોય તેવી હકીકત પુરવા કરી શકેલ નથી. આ સંજોગોમાં ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબના ગુનાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે.જેથી ઉપરોકત તમામ હકીકતોનો ઘ્યાને રાખતાં વધુમાં આ કામે ફરિયાદપક્ષ દ્વારા મૌખીક અને દસ્તાવેજી પુરાવો કોર્ટ સમક્ષ રજુ રખાયેલ છે, પરંતુ નામ.સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ. દિલ્હી એડીમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો નહોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઇએ નહી. વધુમાં પુરાવાના કાયદાનો સિદ્ધાંત છે કે, પુરાવાના જથ્થા કરતા તેની ગુણવતા જરૂરી છે અને ગુણવતાયુક્ત અને વિશ્વસનીય પુરાવો નોંધવો જોઇએ. હાથ પરના કામે બંને સાહેદો મહત્વના હોય તેઓને ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ છે. પરંતુ આ કામે અતી મહત્વના એવા ફરિયાદી અને ઇજા પામનાર સાહેદો દ્વારા જવાબ કે ફરિયાદની કોઇ હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી, આવા સંજોગોમાં બનાવની વિશ્વસનીયતા શંકામય બની જાય છે. જેથી સમગ્ર પુરાવા પરથી મુદા નં. ૧ નો જવાબ નકાર માં ઠરાવી મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:((હુકમ)):–

(૧) આ કામનાં આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુન્હા સબબ ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૪૮ (૧) અન્વયે શિક્ષાપાત્ર ગુન્હામાંથી સ્પષ્ટ પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ આવે છે. કરવામાં

(૨) આરોપીઓએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સોમક્ષ હાજર થવા સહુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા કિ.પ્રો.કો.ક ૪૩૭(એ)ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

(૩) અપીલ સમય બાદ મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
ભીલોડા

(આનંદકુમાર અનિલભાઈ દવે)
એડિ. જયુડિ મેજિસ્ટ્રેટ.ફ.ક.
ભિલોડા.
જીજે.૦૧૪૪૨

//ANIL TIRWALA//